

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા

સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
➧ DTRT ➧ ઉપનાહ સ્વેદન ➧ લેપન ➧ વેધાગ્નિકર્મ ➧ પંચકર્મ
➧ EKLપંચકર્મ ➧ પટ્ટબંધન ➧ અગ્નિકર્મ ➧ ક્ષારકર્મ ➧ વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફર્ઈ સામે, ઈચ્છાનાથ, સુરત – ૩૯૫૦૦૭. Mo. : 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ એકમ બુધવાર ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૯

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# પાંચ રાજ્યોમાં એપ્રિલમાં યોજાઈ શકે છે ચૂંટણી

**પશ્ચિમ** બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં ચૂંટણીઓની તારીખ માર્ચના મધ્ય સુધી જાહેર કરાશે

**ચૂંટણી** પંચ આસામની મુલાકાતે, રાજકીય પક્ષોએ વધુમાં વધુ બે તબક્કામાં ચૂંટણી યોજવા કહ્યું

**નવી દિલ્હી, તા. 17 (PTI):** પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીઓ એપ્રિલ મહિનામાં વિવિધ તારીખે યોજાઈ શકે છે, જેનું સત્તાવાર સમયપત્રક માર્ચના મધ્યમાં જાહેર થવાની શક્યતા છે. મંગળવારે અધિકારીઓએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ માર્ચના બીજા કે ત્રીજા સપ્તાહમાં પાંચેય રાજ્યો માટે એકસાથે ચૂંટણીની તારીખોની જાહેરાત કરશે.

આ પાંચેય વિધાનસભાઓની પાંચ વર્ષની મુદત મે અને જૂન મહિનામાં અલગ-અલગ તારીખે પૂર્ણ થઈ રહી છે. પશ્ચિમ બંગાળની મુદત 7 મે, તમિલનાડુની 10 મે, આસામની 20 મે અને કેરળની મુદત 23 મેના રોજ સમાપ્ત થાય છે, જ્યારે પુડુચેરી વિધાનસભાની મુદત 15 જૂને પૂર્ણ થાય છે. ચૂંટણી પંચે અત્યારથી જ આ રાજ્યોની મુલાકાત લેવાનું શરૂ કરી દીધું છે.

ચૂંટણી પંચની પૂર્ણ બેંચ અત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની આગેવાનીમાં આસામની મુલાકાતે છે. આસામના રાજકીય પક્ષોએ પંચને વિનંતી કરી છે કે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ એક અથવા વધુમાં વધુ બે તબક્કામાં યોજવામાં આવે. આ ઉપરાંત, પક્ષોએ એવી પણ માગ કરી છે કે ચૂંટણીની તારીખો નક્કી કરતી વખતે 14 એપ્રિલે આવતા બિહુ' તહેવારનું ખાસ ધ્યાન રાખવામાં આવે જેથી લોકોની ઉજવણીમાં ખલેલ ન પહોંચે.

ગત ચૂંટણીના ઈતિહાસ પર નજર કરીએ તો, પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ આઠ તબક્કામાં મતદાન થયું હતું, જ્યારે આસામમાં બે તબક્કામાં અને તમિલનાડુ, કેરળ તથા પુડુચેરીમાં એક જ તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી.

ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા પણ તેજ બની છે. પુડુચેરી અને આસામમાં અંતિમ યાદી પ્રસિદ્ધ થઈ ચૂકી છે, જ્યારે તમિલનાડુમાં મંગળવારે અને કેરળમાં 21 ફેબ્રુઆરીએ યાદી બહાર પાડવામાં આવશે. પશ્ચિમ બંગાળની અંતિમ મતદાર યાદી 28 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

## પંજાબના મુખ્યમંત્રી માનને પોલોનિયમ ઝેરથી સંક્રમિત કરવાની ધમકી

**તબિયત** બગડવાને કારણે માનને જ્યાં દાખલ કરવામાં આવ્યા હતા તે હોસ્પિટલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**મોહાલીની** કેટલીક ખાનગી શાળાઓને પણ બોમ્બની ધમકી ખાલિસ્તાનવાદીઓએ આપી



**મોહાલી (પંજાબ), તા. 17:** પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને જ્યાં દાખલ કરવામાં આવ્યા હતા તે મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલ અને તેમની આસપાસના વિસ્તારોમાં આજે સુરક્ષા એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલને બપોરે 1:11 વાગ્યે બોમ્બની ધમકી મળી હતી, ઉપરાંત માનને પોલોનિયમથી સંક્રમિત કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જો તેઓ બચી ગયા, તો તેમની હાલત ભૂતપૂર્વ CM બેઅંત સિંહ જેવી થશે.

મુખ્યમંત્રી ભગવંત માનને અગાઉ રવિવારે બ્લડ પ્રેશર વધી જવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. સોમવારે રજા મળ્યા બાદ તેઓ મોગામાં આપ સરકારની નશા વિરોધી રેલીમાં ગયા હતા, પરંતુ શ્વાસ લેવામાં તકલીફ થતા સાંજે ફરી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તે જ દિવસે 'હંટર ફાર્લે' નામના આઈડી પરથી એક ધમકીભર્યો ઈ-મેલ આવ્યો હતો, જેમાં મોહાલીની શાળાઓને પણ બોમ્બની ધમકી આપવામાં આવી હતી. ઈ-મેલમાં ખાલિસ્તાન રેફરન્ડમવાળાઓનો બદલો લેવાનો આરોપ લગાવાયો છે અને મુખ્યમંત્રી માનને પોલોનિયમથી ચેપગ્રસ્ત કરવાની ધમકી અપાઈ છે.

પોલોનિયમ-210 એ એક અત્યંત દુર્લભ અને ઘાતક રેડિયોએક્ટિવ તત્વ છે. તે આલ્ફા વિકિરણ ઉત્સર્જિત કરે છે અને જો તેને ખાવા, પીવા કે શ્વાસ દ્વારા શરીરમાં લેવામાં આવે તો તે DNA અને આંતરિક અંગોને ઝડપથી નુકસાન પહોંચાડે છે. તેના શરૂઆતી લક્ષણો ઉલટી અને ડાયરિયા છે અને સૌથી ખતરનાક બાબત એ છે કે આ ઝેરનું કોઈ એન્ટિડોટ (મારણ) ઉપલબ્ધ નથી.

## મેક્રોને મરીન ડ્રાઇવ પર જોગિંગ કર્યું, 26/11ના શહીદોને શ્રદ્ધાંજલિ આપી



**મુંબઈ, તા. 17 (PTI):** ફ્રાન્સ પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને મુંબઈ ઉતર્યાના ગણતરીના કલાકોમાં જ મરીન ડ્રાઇવ પર જોગિંગ કરીને સવારના સહેલાણીઓને આશ્ચર્યચકિત કરી દીધા હતા. નેવી બ્લુ સ્પોર્ટ્સ ટી-શર્ટ અને શોર્ટ્સમાં સજ્જ મેક્રોન સામાન્ય નાગરિકની જેમ દોડતા જોવા મળ્યા હતા, જ્યારે સુરક્ષાકર્મીઓ યોગ્ય અંતરે તેમની પાછળ હતા. તેમના જોગિંગના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ચીનની મુલાકાત વખતે પણ તેમણે આ રીતે જોગિંગ કરીને દિવસની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીના આમંત્રણ પર 17 થી 19 ફેબ્રુઆરી દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા મેક્રોને દિવસની શરૂઆતમાં જ દક્ષિણ મુંબઈની તાજ મહાલ પેલેસ હોટેલ ખાતે

...અનુસંધાન પાના 11 પર ➲

## તારીક રહેમાન બાંગ્લાદેશના નવા વડાપ્રધાન બન્યા

**વડાપ્રધાન** અને મંત્રીઓની શપથવિધી થઇ, બાંગ્લાદેશમાં બે દાયકા પછી બીએનપી ફરીથી સત્તા પર, રાત્રે મંત્રીઓને ખાતાઓની ફાળવણી

**પરંપરા** તોડીને શપથવિધિ 'બંગભવન'ને બદલે 'જાતીય સંસદ'ના સાઉથ પ્લાઝા ખાતે યોજવામાં આવી

**તારીકની** સાથે કુલ 49 મંત્રીઓએ પણ શપથ ગ્રહણ કર્યા, ભારત તરફથી શપથવિધિમાં ઓમ બિરલા અને વિક્રમ મીસરી હાજર



ઢાકા, તા. 17 (પીટીઆઈ): તારિક રહેમાને મંગળવારે બાંગ્લાદેશના નવા વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ સાથે જ ઓગસ્ટ 2024માં શેખ હસીના સરકારના પતન બાદ રચાયેલી 18 મહિનાની વચગાળાની સરકારના શાસનનો અંત આવ્યો છે.

રાષ્ટ્રપ્રમુખ શહાબુદ્દીને 60 વર્ષીય રહેમાનને 'બંગભવન'ને બદલે 'જાતીય સંસદ'ના સાઉથ પ્લાઝા ખાતે પદના શપથ લેવડાવ્યા હતા, જે વર્ષોથી ચાલી આવતી પરંપરાથી વિપરીત હતું. ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા અને સ્વર્ગસ્થ રાષ્ટ્રપ્રમુખ ઝિયાઉર રહેમાનના પુત્ર તારિક રહેમાન, 17 વર્ષ સુધી લંડનમાં સ્વ-નિર્દેશિત દેશનિકાલમાં રહ્યા બાદ બે મહિના પહેલા જ સ્વદેશ પરત ફર્યા હતા. તેઓ આગામી પાંચ વર્ષ માટે વડા પ્રધાન તરીકે સેવા આપશે. શપથ ગ્રહણ સમારોહમાં ભારત અને પાકિસ્તાન સહિત પડોશી દેશોના અનેક નેતાઓએ હાજરી આપી હતી, જેમાં ભારતનું પ્રતિનિધિત્વ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કર્યું હતું. તેમની સાથે વિદેશ સચિવ વિક્રમ મિસરી પણ ઉપસ્થિત રહ્યા હતા. શપથ વિધિ બાદ બિરલા રહેમાનને મળ્યા હતા. બિરલાએ ભારત તરફથી શુભેચ્છાઓ પાઠવી અને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. બન્ને નેતાઓએ બંને દેશોના લોકોના કલ્યાણ માટે સાથે મળીને કામ કરવા અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

12 ફેબ્રુઆરીએ યોજાયેલી 13મી સંસદીય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)એ 297માંથી 209 બેઠકો મેળવી ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે જમાત-એ-ઈસ્લામીને 68 બેઠકો મળી છે. અવામી લીગને આ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રથમ વખત વડા પ્રધાન બનેલા તારિક રહેમાને વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસનું સ્થાન લીધું છે. ઉલ્લેખનીય છે કે યુનુસના કાર્યકાળ દરમિયાન ઢાકા અને નવી દિલ્હી વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર કડવાશ જોવા મળી હતી.શપથ લીધા બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં રહેમાને રાષ્ટ્રીય હિતમાં 'રાષ્ટ્રીય એકતા' અને 'શાંતિ' માટે આહવાન કર્યું હતું. તેમણે ચેતવણી

...અનુસંધાન પાના 11 પર ➲

### મોદીએ તારીકને ભારત આવવા આમંત્રણ પાઠવ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું છે અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી( BNP )ના આ નવનિયુક્ત નેતાને તેમની શુભેચ્છાઓ પાઠવી

...અનુસંધાન પાના 11 પર ➲

### સાંસદોની શપથવિધિ ટાણે ડખો : જમાત અને એનસીપીvr બહિષ્કારની ચિમકી

**ઢાકા, તા. ૧૭:** બાંગ્લાદેશમાં મંગળવારે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના નેતૃત્વ હેઠળની સરકાર સત્તા સંભાળવાની તૈયારીમાં હતી, ત્યારે જ ફરી એકવાર નવા સંઘર્ષના દ્રશ્યો જોવા મળી રહ્યા હતા. જો BNP 'જુલાઈ ચાર્ટર' સાથે જોડાયેલા શપથ નહીં લે, તો ગઠબંધનના ભાગીદાર એવા જમાત-એ-ઈસ્લામી અને નેશનલ સિટિઝન્સ પાર્ટી (NCP) એ વિરોધ પ્રદર્શન કરવાની ચેતવણી આપી હતી. અગાઉ શપથ ગ્રહણ સમારોહનો બહિષ્કાર કરવાની ધમકી આપ્યા બાદ, જમાત અને NCP એ શપથ લીધા હતા. આ કટોકટીનું મુખ્ય કારણ એ બે શપથ છે જે તમામ ચૂંટાયેલા સાંસદોએ લેવાના હતા. યાદ રહે કે બાંગ્લાદેશમાં લોકોએ ૧૨ ફેબ્રુઆરીએ પોતાના સાંસદોને ચૂંટવા માટે અને સાથે જ 'જુલાઈ ચાર્ટર' પર લોકમત (રેફરન્ડમ) આપવા માટે મતદાન કર્યું હતું. જ્યાં એકતરફ BNP એ ધાંધલીના આક્ષેપો વચ્ચે રાષ્ટ્રીય ચૂંટણીમાં બે-તૃતીયાંશ બહુમતી સાથે વિજય મેળવ્યો, તો બીજી તરફ જુલાઈ ચાર્ટરના લોકમતમાં ૬૨% 'હા' મતો પડ્યા હતા. જુલાઈ ચાર્ટર સંસદને ૧૮૦ દિવસ માટે 'બંધારણીય સભા'માં ફેરવવાની જોગવાઈ કરે છે, જે

...અનુસંધાન પાના 11 પર ➲

### તારીકના મંત્રીમંડળમાં હિન્દુ સહિત બે લઘુમતિ મંત્રી



**ઢાકા, તા. 17:** બાંગ્લાદેશની નવી સરકારમાં બે લઘુમતિ મંત્રીઓ છે જેમાં એક હિન્દુ અને એક બૌદ્ધ છે, જેમાં હિન્દુ મંત્રી વધુ વગદાર જણાય છે. મંત્રીઓમાં હિન્દુ સમુદાયના નેતા નિતઈ રોય ચૌધરી પણ સામેલ છે. વરિષ્ઠ હિન્દુ નેતા રહેમાનના મંત્રીમંડળના 25 કેબિનેટ મંત્રીઓ પૈકીના એક છે. જોકે, હજુ સુધી ખાતાઓની ફાળવણી કરવામાં આવી નથી. અવામી લીગના કટ્ટર આલોચક એવા નિતઈ રોય ચૌધરીએ 2023માં ઇન્ડિયા ટુડે ગ્રુપ સાથેના એક ઇન્ટરવ્યુમાં બાંગ્લાદેશમાં મોટાભાગની કોમી હિંસા માટે શેખ હસીનાની આગેવાની હેઠળની પાર્ટીને જવાબદાર ઠેરવી હતી. 12 ફેબ્રુઆરીએ જાતીય સંસદ (બાંગ્લાદેશ સંસદ) ની ચૂંટણીમાં,

...અનુસંધાન પાના 11 પર ➲

| તા. ૧૭-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન | | |
|---|---|---|
| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| ૩૪.૪° સે. | ૨૦.૨° સે. | ૩૧% |

## AI સમિટમાં અફરાતફરી : 70000ની ભીડ ઉમટતા ભારે અવ્યવસ્થા

**લાંબી** કતારો, ઇન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યા, પાણીની સમસ્યા અને ચોરીના બનાવો બન્યા

પ્રદર્શનીમાં ભાગ લેનારા, સ્ટાર્ટઅપના સંસ્થાપકો અને ડેલીગેટ્સને જ બહાર ઉભા રહેવું પડ્યું



**નવી દિલ્હી, તા. 17 (PTI):** કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026'ના પ્રથમ દિવસે થયેલી ગેરવ્યવસ્થા બદલ માફી માંગી હતી. દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલી આ સમિટમાં અપેક્ષા કરતા અનેકગણી ભીડ ઉમટી પડતા અંધાધૂંધી સર્જાઈ હતી. વૈષ્ણવે આ પ્રતિસાદને 'અદભૂત' ગણાવતા કહ્યું કે, સોમવારે 70,000થી વધુ લોકોએ હાજરી આપી હતી, જે વિશ્વની કોઈપણ એઆઈ સમિટ માટે રેકોર્ડ સમાન છે. તેમણે ખાતરી આપી હતી કે હવે 'વોર રૂમ' સક્રિય કરવામાં આવ્યો છે જેથી આગામી દિવસોમાં મુલાકાતીઓને કોઈ મુશ્કેલી ન પડે.

સમિટના પ્રથમ દિવસે ભારે અવ્યવસ્થાના અહેવાલો સામે આવ્યા હતા. લાંબી કતારો, ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યા અને સુરક્ષા તપાસને કારણે મુલાકાતીઓ પરેશાન થયા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત અગાઉ સુરક્ષા કારણોસર પ્રદર્શનના સ્ટોલ ખાલી કરાવવામાં આવતા વધુ મૂંઝવણ સર્જાઈ હતી.

આ અંધાધૂંધી વચ્ચે કેટલીક ચોરીની ઘટનાઓ પણ બની હતી. 'નિઓ સેપેન' કંપનીના સીઈઓ ધનંજય યાદવે સોશિયલ મીડિયા પર

...અનુસંધાન પાના 11 પર ➲

### ટીના અંબાણીએ બીજી વાર ઈડી સમન્સની અવગણના કરી

**નવી દિલ્હી, તા. 17 (PTI):** રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીનાં પત્ની ટીના અંબાણી મંગળવારે પણ મની લોન્ડરિંગના એક કેસમાં પૂછપરછ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સમક્ષ હાજર થયા ન હતા. 69 વર્ષીય પૂર્વ અભિનેત્રી ટીના અંબાણીએ સતત બીજી વખત ઈડીના સમન્સની અવગણના કરી છે.

અગાઉ તેમને 10 ફેબ્રુઆરીએ હાજર થવા જણાવાયું હતું, પરંતુ તેઓ આવ્યા ન હતા, જેના પગલે એજન્સીએ 17 ફેબ્રુઆરી માટે નવું સમન્સ જારી કર્યું હતું. જોકે, તેમણે હાજર ન રહેવા પાછળના કારણો વિશે તપાસ અધિકારીને જાણ કરી છે કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ, હવે એજન્સી તેમને પૂછપરછ માટે નવી તારીખો આપી શકે છે.

નોંધનીય છે કે, અનિલ અંબાણીને પણ બુધવારે (18 ફેબ્રુઆરી) બીજી વખત એજન્સી સમક્ષ હાજર થવા

...અનુસંધાન પાના 11 પર ➲

એક બાજુ મંત્રણા, બીજી બાજુ સામસામુ શક્તિ પ્રદર્શન ચાલુ

## અણુ મંત્રણાઓનો નવો રાઉન્ડ શરૂ થવા ટાણે ઇરાને હોર્મુઝનો જળમાર્ગ બંધ કર્યો

**પરોક્ષ** મંત્રણાઓનો બીજો રાઉન્ડ યોજાવા ટાણે જ ઇરાને હોર્મુઝની સામુદ્રધૂનિમાં કવાયત યોજી

**જીનીવામાં** મંત્રણાઓનો બીજો રાઉન્ડ યોજાયો, જો કે તેમાં શું થયું તેની વિગતો તરત મળી નહીં

**ઇરાનમાં** સરકારી દમનમાં માર્યા ગયેલા લોકોનો ચાલીસો મનાવાયો

**જિનીવા, 17 (AP):** અમેરિકા અને ઈરાન વચ્ચે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે મંગળવારે જિનીવામાં બીજા તબક્કાની મંત્રણા યોજાઈ રહી છે. એક તરફ અમેરિકા મધ્ય પૂર્વમાં પોતાની સૈન્ય હાજરી વધારી રહ્યું છે, તો બીજી તરફ ઈરાન મોટા પાયે દરિયાઈ યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે. વાટાઘાટો શરૂ થઈ કે તરત જ ઈરાની મીડિયાએ જાહેરાત કરી કે ઈરાને હોર્મુઝની સામુદ્રધુની તરફ જીવંત મિસાઈલો છોડી છે. ઈરાને તેના વિવાદિત પરમાણુ કાર્યક્રમ અંગે જિનીવામાં અમેરિકા સાથે પરોક્ષ મંત્રણાના બીજા રાઉન્ડ દરમિયાન, તાકાતના દેખીતા પ્રદર્શનમાં લાઈવ-ફાયર લશ્કરી કવાયત માટે મંગળવારે હોર્મુઝની સામુદ્રધુનીને કામચલાઉ ધોરણે બંધ કરવાની જાહેરાત કરી હતી.

જ્યારથી અમેરિકાએ ઈરાનને ધમકી આપવાનું અને આ પ્રદેશમાં લશ્કરી સરંજામ મોકલવાનું શરૂ કર્યું છે, ત્યાર પછી આ પ્રથમ વખત છે જ્યારે ઈરાને આ મુખ્ય આંતરરાષ્ટ્રીય જળમાર્ગને બંધ કરવાની જાહેરાત કરી હોય, જેમાંથી વિશ્વનું 20 ટકા તેલ પસાર થાય છે. આ ઘટના અઠવાડિયાઓથી ચાલી રહેલા ગજગ્રાહમાં વધેલી ઉગ્રતા દર્શાવે છે, જે મધ્ય પૂર્વમાં અન્ય યુદ્ધને ભડકાવી શકે છે. જેમ મંત્રણા શરૂ થઈ, ઈરાનના સરકારી માધ્યમોએ જાહેરાત કરી કે તેણે સામુદ્રધુની તરફ જીવંત મિસાઈલો છોડી છે અને સુરક્ષા અને દરિયાઈ ચિંતાઓને કારણે તેને થોડા કલાકો માટે બંધ કરી દેશે. અર્ધ-સત્તાવાર તસ્નીમ ન્યૂઝ એજન્સી, જે અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડની નજીક ગણાય છે, તેણે જણાવ્યું હતું કે ઈરાનની અંદરથી અને

...અનુસંધાન પાના 11 પર ➲